
## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



લે હવે આટલું જ શાક આવશે... બધા શાકવાળા હવે માસ્ક પહેરીને જ બહાર નીકળે છે...!!

# સિવિલમાં વધતી જતી ચોરીના મામલે સિક્યુરીટી એજન્સી સામે દંડનીય કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચોરીના બનાવો બનતા રહે છે. કેમ્પસમાંથી દર્દીના સગાના પાર્ક કરેલા વાહનો ચોરાઈ જાય છે. તો બીજીતરફ હોસ્પિટલની અંદર પણ નાની મોટી ચોરીના કિસ્સા સામે આવે છે. જેમાં દર્દીના મોબાઈલ કે કોઈ અન્ય ચીજવસ્તુની ચોરી થતી રહે છે. આ ચોરીમાં મોટાભાગે અંદરના વ્યકિત જ હોવાનુ સામે આવે છે. ત્યારે તાજેતરમાં નોઝલ ચોરી મુદ્દે સિવિલ તંત્ર દ્વારા સિક્યુરીટી એજન્સીને નોટીસ ફટકારીને રૂ.૫૦ હજારનો દંડ વસુલવાની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી તાજેતરમાં ૧૧ જેટલી ફાયર સિસ્ટમની નોઝલ ચોરીની ઘટના બની હતી. જેને પગલે સિવિલ તંત્ર દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. તે ઉપરાંત પોલીસમાં અરજી પણ કરવામાં આવી હતી.જેથી પોલીસે પણ સિવિલમાં ચોરીને પગલે તપાસ હાથ ધરી હતી. જયારે સિવિલ તંત્ર દ્વારા હોસ્પિટલમાં લગાડેલા સીસીટીવી કેમેરાના ફુટેજ પણ ચેક કરવામાં આવ્યા હતા અને સિકયુરીટી ગાર્ડની પુછતાછ કરવામાં આવી હતી. આ તપાસમાં રાજદીપ એજન્સીનો કર્મચારી શંકાસ્પદ લાગી રહ્યો હતો. જેથી કર્મચારીની પુછતાછ કરતા તેણે ચોરીની કબુલાત કરી હોવાનું પણ સામે આવ્યું હતું. ત્યારે સિવિલ તંત્ર દ્વારા હોસ્પિટલ તેમજ કેમ્પસમાં ચોરીના વધતા જતા કિસ્સાઓને પગલે હોસ્પિટલ તંત્ર દ્વારા સિવિલમાં કાર્યરત સિકયુરીટીની એન્જસીને નોટીસ ફટકારીને રૂ.૫૦ હજારના દંડની વસુલવાની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં ૧૪-૧૫ ઓગષ્ટના રોજ યોજાનાર કાર્યક્રમોના આયોજનોને આખરી ઓપ આપવામાં આજે તંત્ર વ્યસ્ત હતુ.
- ગાંધીનગર મનપા દ્વારા આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમ રાયસણના સંસ્કૃતિ હોલ ખાતે યોજવામાં આવશે જેમાં મંત્રી ઈશ્વરભાઈ પરમાર અને કલેક્ટર સહિતના અધિકારીઓ હાજરી આપશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- સચિવાલયમાં ન્યુ ક્રેડીટ સોસાયટીની આજે સામાન્ય સભા મળી હતી જેમાં ચૂંટણીના પરિણામની સત્તાવાર ઘોષણા કરાઈ હતી.
- સચિવાલયની ન્યુક્રેડીટ સોસાયટીનું પરિણામ જાણવા કર્મચારીઓ ગઈકાલે અડધી રાત સુધી જાગ્યા હતા.
- ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે સાંજે ૪ વાગે સ્વાતંત્ર્ય પર્વના ૭૫ વર્ષની ઉજવણીને લઈ સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કરવામાં આવશે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટતાં હવે નવરાત્રીના ગરબાની તૈયારીઓ પણ ધીમી ગતિએ આરંભાઈ છે.
- ત્રણ દિવસનું મીની વેકેશન હોવાથી આજે ગાંધીનગરમાં ટ્રાફિકનું ભારણ ઘણુ ઓછુ જણાયુ હતુ એટલુ જ નહિ કચેરીઓમાં કર્મયોગીઓની સંખ્યા પણ ઓછી જણાઈ હતી.

# સેકટર-૨૯ આંતરીક માર્ગ પરની લાઈટો ડુલ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે આંતરીક માર્ગ પર સાંજ ઢળતા જ અંધારપટ છવાય છે. છેવાડાના સેકટરને લઈ નાગરીકોને ચોરીનો ભય સતાવી રહ્યો છે. રાત્રીના સમયે સેકટરમાં લાઈટ ન હોવાથી અસામાજીક તત્વોનો અડીંગો બની જાય છે. ચોમાસાની સિઝનમાં આંતરીક માર્ગ પરના વિજપોલની લાઈટ બંધ રહેતા નાગરીકો તેમજ વાહનચાલકોને ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૯ માં સરકારી દવાખાના થી લઈને મસ્જિદ સુધીના માર્ગ પરના વિજપોલ છેલ્લા કેટલાક દિવસ થી બંધ હાલતમાં છે. જેથી સાંજ ઢળતા જ આ વિસ્તારમાં અંધકાર છવાઈ જાય છે. ચોમાસાની સિઝન હોવાથી રાત્રીના સમયે માર્ગ પર પશુઓ અડીંગા જમાવી બેસી જાય છે. રાત્રીના સમયે અચાનક માર્ગ વચાળે પશુઓ આવી જતા નાના મોટા અકસ્માત પણ સર્જાતા નાગરીકો ઘાયલ પણ થાય છે. તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા લાઈટો શરુ ન થતા વસાહતીઓને ચોરીનો ભય સતાવી રહ્યો છે. જયારે અંધકાર હોવાથી નાના બાળકો કે મહિલા શોંપીગ સેન્ટર સુધી પણ જતા ડર અનુભવે છે. ત્યારે સેકટર-૨૯ ના આંતરીક માર્ગની લાઈટો તાત્કાલીક અસરથી શરુ કરવામાં આવે તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.



સ્વાતંત્ર્ય દિવસ નજીક આવે એટલે દેશભકિતનો જાણે ઉભરો આવે છે. સોશિયલ મીડિયામાં જાતભાતના દેશભકિતના કવોટ્સ ઠલવાય છે. ત્રણ ચાર દિવસ સુધી દેશભકિતની લહેર જોરદાર ચાલે છે. ઠેર ઠેર રાષ્ટ્રધ્વજ વેચાતા જોવા મળે છે. રાષ્ટ્રપ્રેમની આ લહેરનો ફાયદો ઉઠાવતા હોય તેમ ફેરીયાઓ ઠેર ઠેર રાષ્ટ્રધ્વજ લઈને બેસી ગયા છે. સેકટર-૧૬માં નાગરિક બેંકની બાજુમાં લારીમાં રાષ્ટ્રધ્વજ વેચાઈ રહ્યા છે.

# અડાલજ સોનુ હોટલ સામે બાઈકની અડફેટે ઈજાગ્રસ્ત વ્યકિતનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૧૩

અડાલજ ત્રિ-મંદિર નજીક સોનુની હોટલ સામે લઘુશંકા માટે જઈ રહેલા વ્યકિતને બાઈક ચાલકે બાઈક પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી અડફેટે લેતા ઈજા પહોંચી હતી. ઈજાગસ્તને સારવાર માટે મહેસાણા લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન ઈજાગ્રસ્તનું મૃત્યુ થતા અડાલજ પોલીસ મથકે બાઈક ચાલક સામે ગુનો નોંધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કપીલકુમાર ગોવિંદરામ સિંધી (ઉં.૪૦ રહે.મ.નં.એફ-૦૩ હસ્તીનાપુર ફલેટ રૂતુરાજ ફલેટની પાછળ) તેમના માતા સાથે રહે છે અને સોડાનું વેચાણ કરી ગુજરાન ચલાવે છે. ત્યારે ગત તા. ૧૦-૮-૨૧ના રોજ રાત્રીના આશરે અઢી વાગે કપીલભાઈના મોબાઈલ પર સોનુભાઈનો ફોન આવ્યો હતો. તેઓએ જણાવેલ કે તમારા પિતા ગોવિંદરામને રોડ ઉપર એક બાઈક નં. જી.જે.૦૧.બી.એલ.-૨૮૭૬ના ચાલકે ટકકર મારતા પગે ઈજા થયેલી છે. જેથી રાત્રી સમયે જઈ ન શક્યા હોવાથી સવારે અડાલજ સોનુભાઈની હોટલ પર ગયા હતા.તો સમયે કપીલે તેના પિતાજીને અકસ્માત અંગે પુછતા તેઓએ જણાવ્યું હતું કે હું લઘુશંકા કરવા માટે જઈ રહ્યો હતો. તે સમયે એક બાઈક ચાલકે તેનુ બાઈક પુરઝડપે હંકારી ટક્કર મારતા પગે ઈજા પહોંચી છે. જેથી કપીલ તેના પિતાને સારવાર માટે કલોલ ભાડભુજા અને ત્યાંથી સાંજના સિવિલ હોસ્પિટલ મહેસાણા લઈ ગયો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્તની તબિયત વધુ બગડતા લાયન્સ હોસ્પિટલ મહેસાણા સારવાર માટે એડમીટ કરાયા હતા. ત્યાં સારવાર બાદ તેમનુ મૃત્યુ થયુ હતું. બનાવ અંગે કપિલ સિંધીની ફરીયાદ નોંધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સેકટર-૧૧ એમ.એસ. બિલ્ડીંગ પાછળથી ઝેન કારની ચોરી

શહેરના સેકટર-૧૧ સહયોગ બિલ્ડીંગ ખાતે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે મીટીંગ માટે આવેલા આચાર્યની કારની ચોરી થવા પામી છે. આચાર્ય એ કાર એમ.એસ. બિલ્ડીંગના પાછળના ભાગે પાર્ક કરી હતી. મીંટીગ બાદ પાર્ક કરેલી જગ્યા પર કાર ન દેખાતા સેકટર-૭ પોલીસ મથકે કાર ચોરીની ફરીયાદ નોંધાઈ છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ પ્લોટ નં.૧૯૯-૯ ખાતે રહેતા ૬૫ વર્ષિય ભુપેન્દ્રકુમાર અમૃતગીરી ગોસાઈ પોતાના પરિવાર સાથે રહે છે અને છેલ્લા ૩૩ વર્ષથી માણસા તાલુકાના આજોલ ગામે આવેલી સી.એમ.ડી.શાહ હાઈસ્કુલમાં ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેઓ ગત તા.૧૦ ના રોજ બપોરના સાડા બાર વાગ્યાના અરસામાં તેઓ સહયોગ સંકુલ મીટીંગ માટે આવ્યા હતા. સહયોગ સંકુલમાં પાર્કિંગ માટે જગ્યા ન હોવાથી તેઓએ પોતાની ઝેન કાર નં. જી.જે.૦૧.એચ.સી.-૩૪૦૪ એમ.એસ.બિલ્ડીંગની પાછળના ભાગે પાર્ક કરી હતી. બપોરના બે વાગ્યાના અરસામાં મીટીંગ પુરી થઈ જતા તેઓ કાર પાર્ક કરી હતી તે સ્થળ પર આવ્યા હતા. પરંતુ પાર્ક કરેલી જગ્યા પર કાર ન હતી. જેથી શહેરના માર્ગો તેમજ આસપાસના રસ્તાઓ પર તપાસ-શોધખોળ આદરી હતી.



સેકટર-૧૧ના રામકથા મેદાન ખાતે હાલમાં ચહલપહલ જોવા મળી રહી છે. રામકથા મેદાનમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે પરેડનું રીહર્સલ થઈ રહ્યુ છે. હોમગાર્ડના જવાનો અહીં પરેડ કરી રહ્યા છે. જે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.